# <u>ઔષધિય અને સુગંધિત પાકોની ખેતી અંગેનો તાલીમ વર્ગ યોજાયો</u>

ઔષધિય અને સુગંધિત વનસ્પતિ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., આણંદ દ્વારા ત્રિદીવસીય "ઔષધિય અને સુગંધિત પાકોની ખેતી" અંગેની તાલીમ તા. ૧૫/૧૦/૨૦૧૮ થી ૧૭/૧૦/૨૦૧૮ દરમ્યાન ગોઠવવામાં આવેલ. જેમાં ગુજરાત રાજ્યના દાહોદ જિલ્લાના કુલ ૨૮ ખેડૂત ભાઇઓએ ભાગ લીધેલ હતો.

આ તાલીમ કાર્યક્રમમાં ઔષધિય પાકોની ખેતીને લગતા વિવિધ વિષય પર જુદા જુદા નિષ્ણાંતો દ્વારા ઉંડાણ પૂર્વક ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવેલ આ ઉપરાંત ઔષધિય ખેતીની શરૂઆત કરતી વખતે લેવાની થતી કાળજીઓ, ઋતુ મુજબ ઔષધિય પાકોની ખેતી, રોગ જીવાતનું નિયંત્રણ, ઔષધિય પાકોનું મૂલ્યવર્ધન તથા વેચાણ વ્યવસ્થા વગેરે વિષયો પર તાલીમ આપવામાં આવેલ.

કાર્યક્રમ દરમ્યાન સર્વે ખેડૂત ભાઇઓને વડોદરા જિલ્લાના ડેસર તાલુકા ખાતે આવેલ રાજનગર ગામના ઔષધિય પાકની ખેતી કરતા ખેડૂત હિરપરા પરષોત્તભાઇના ખેતરની પ્રત્યક્ષ મુલાકાત તા. ૧૭/૧૦/૨૦૧૮ ના રોજ લેવડાવી ખેડૂતોને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં તાલીમાર્થીઓએ પોતાના તાલીમ પ્રત્યના અભિપ્રાય પણ આપેલા હતા. અને જણાવ્યુ હતું કે આ તાલીમથી અમે ઔષધિય પાકોની ખેતી કરવા તથા તેના ઘરગથ્થું વપરાશ માટે પ્રેરણા મળેલ છે.

આ તાલીમ કાર્યક્રમનાં અંતિમ દિવસે ડૉ. એચ.એલ.ધડુક સહ સંશોધન વૈજ્ઞાનિક અને વડાશ્રીએ તાલીમ અંગેના ખેડૂતોના પ્રતિભાવો ભવિષ્યમાં થનારી તાલીમ વધુ સારી રીતે ખેડૂત હિતમાં આયોજન  કરી શકાય તે અર્થે લીધા હતા. કાર્યક્રમમાં વિભાગમાંથી શ્રી બી.વી.હિરપરા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, ડૉ. અમરજીસિંહ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, શ્રીમતિ જલ્પાબેન ડોબરીયા ખેતી અધિકારી હાજર રહ્યા હતા.




